# એનએસઈએલમાં ઉભી કરાયેલી કટોકટીનો ઉપયોગ કરીને જિજ્ઞેશ શાહ દ્વારા સર્જવામાં આવેલા 'માર્કેટ' સામ્રાજ્યને તોડી પાડતા રાજકીય ષડયંત્રની દાસ્તાન

■ બ્યુરો દ્વારા ■ અમદાવાદ તા. ૪

ગુજરાતીઓની ઉદ્યોગ સાહસિકતા અને માર્કેટની નાડપારખુ શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઈતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મુઠી ઉંચેરું સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર ત્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગૂહા રેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યુ હતું.




શાંતનૂ ગૂહા રેના પુસ્તક 'ધ ટાર્ગેટ'ની અંગ્રેજીને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મુકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ 'એમેઝોન' પર 'બિઝનેસ અને ઈકોનોમી' કેટેગરીમાં વિશ્વમાં સૌથી વધુ વેચાતા 'નંબર ૧' પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. એટલું જ નહીં, અગ્રણી બુક સ્ટોર 'ક્રોસવર્ડ'માં પણ સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકેનું સ્થાન મેળવ્યું છે. જે ખરેખર અભૂતપૂર્વ ઘટના છે.

'ધ ટાર્ગેટ' પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગૂહા રે લિખિત આ પુસ્તક વાંચ્યા બાદ એનએસઈએલ પ્રકરણના સંખ્યાબંધ અનુત્તર સવાલોના જવાબ મળી રહે છે. કેટલાક સ્થાપિત હિતોએ પોતાના છૂપા ઈરાદાસર જિજ્ઞેશ શાહને એક્સચેન્જ બિઝનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનું પુસ્તકમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે.